ઉપરાષ્ટ્રપતિ પદ માટે યુપીએના ઉમેદવાર હામિદ અંસારી

નવીદિલ્હી, તા. ૧૪

ઉપરાષ્ટ્રપતિ હામિદ અંસારીની કોંગ્રેસનાં નેતૃત્વ હેઠળનાં યુપીએ ગઠબંધને આગામી ઉપરાષ્ટ્રપતિ પદની ચૂંટણી માટે ઉમેદવાર તરીકે પસંદગી કરી છે. યુપીએએ ઉપરાષ્ટ્રપતિ પદનાં ઉમેદવાર તરીકે હામિદ અંસારીની આજે ઉમેદવાર તરીકે પસંદગી કરી હતી.

આજે મળેલી મહત્વપૂર્ણ બેઠકમાં અંસારીને ઉમેદવાર બનાવવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. કોંગ્રેસે પહેલાંથી જ અંસારીનાં નામ પર નિર્ણય લઈ લીધો હતો જેથી આજની યુપીએની બેઠકમાં તેમનાં નામ પર માત્ર ઔપચારિકતા જ પૂરી કરવાની હતી જેની બેઠક બાદ જાહેરાત કરવામાં આવી હતી. અત્રે નોંધનીય છે કે, રાષ્ટ્રપતિ પદનાં ઉમેદવાર તરીકે પ્રણવ મુખર્જીની પસંદગીથી નાખુશ યુપીએ ગઠબંધનનાં ચાવીરૂપ પક્ષ તૃણમૂલ કોંગ્રેસનાં વડા મમતા બેનર્જી પહેલાંથી જ અંસારીનાં નામ પર ચોકડી મારી ચૂક્યાં છે. મમતા



બેનર્જીને આ મુદ્દે મનાવવા માટે વડાપ્રધાનને મમતાને ફોન કર્યો હતો. વડાપ્રધાનનાં ફોન બાદ મમતાએ રેલમંત્રી મુકુલ રોયને આજની બેઠકમાં મોકલવા તૈયારી દર્શાવી હતી. આજની બેઠક બાદ યુપીએનાં અધ્યક્ષા અને કોંગ્રેસનાં સુપ્રિમો સોનિયા ગાંધીએ હામિદ અંસારીના નામની જાહેરાત કરી હતી. હામિદ અંસારીને ઉપરાષ્ટ્રપતિ પદની બીજી ટર્મ આપવા માટે યુપીએનાં ઘટકપક્ષો અને બહારથી સમર્થન આપી રહેલાં પક્ષો સમર્થન આપશે. સમાજવાદી પાર્ટી, બહુજન સમાજ પાર્ટી, સામ્યવાદી પક્ષ હામિદ અંસારીને સમર્થન આપવા માટે તૈયાર છે. આમ હામિદ અંસારી માટે ફરી ઉપરાષ્ટ્રપતિ બનવાનો માર્ગ હાલ તો મોકળો જણાઈ રહ્યો છે. જોકે, એક મુશ્કેલી એ છે કે, તૃણમૂલ કોંગ્રેસનાં વડા મમતા બેનર્જીએ ઉપરાષ્ટ્રપતિ પદનાં ઉમેદવાર તરીકે પશ્ચિમ બંગાળનાં રાજ્યપાલ ગોપાલકૃષ્ણ ગાંધી અને કૃષ્ણા બોઝની પસંદગીની ઓફર કરેલી છે.

ગ્રામીણ વિકાસ યોજના સૌથી લોકપ્રીય : સિંહ

નવીદિલ્હી, તા. ૧૪

મહાત્મા ગાંધી નેશનલ રૂરલ એમ્પ્લોયમેન્ટ ગેરેન્ટી એક્ટ (એમએનઆરઈજીએ) હેઠળ ફ્લેગશીપ કાર્યક્રમ મામલે થઈ રહેલી ટીકા ટિપ્પણીનો જવાબ આપવા સરકારે આજે કહ્યું હતું કે સામાજિક જનકલ્યાણની આ સૌથી મોટી અને લોકપ્રિય યોજના છે. આ યોજનાને ખૂબ સારો પ્રતિસાદ મળ્યો છે. સિંહે ખાતરી આપી હતી કે એમએનઆરઈજીએમાં પગાર અંગેની ચુકવણીમાં થઈ રહેલા વિલંબની સમસ્યાનો વહેલી તકે ઉકેલવાની જરૂર છે. ગ્રામીણ વિકાસની યોજનાઓના યોગ્ય ઓડિટનું પણ તેઓએ વાત કરી હતી. સિંહે કહ્યું હતું કે ગ્રામીણ વિકાસ પ્રધાન જયરામ રમેશ પાસેથી એ વાત સાંભળીને આશ્ચર્ય થયું છે કે મુલ્યાંકનની પ્રક્રિયા સારા સ્વરૂપમાં નથી જ્યારે હું થોડાક વર્ષ અગાઉ આયોજન પંચમાં હતો ત્યારે ગ્રામીણ વિકાસના ઘણા કાર્યક્રમોના મુલ્યાંકનની પ્રક્રિયા હાથ ધરાઈ હતી. હવે આમા વિલંબ કેમ થઈ રહ્યો છે તે મોટો પ્રશ્ન છે. પરંતુ આયોજનના નાયબ અધ્યક્ષ મોન્ટેકસિંહ આહલુવાલિયાને તેઓ આ સંબંધમાં રજુઆત કરશે. રમેશ અને આહલુવાલિયા બંને આજનાં કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતાં. યુપીએની ફ્લેગશીપ સ્કીમ અંગે સંશોધનની વિગત એમજીએનઆરજીએ (મનરેગા) અંગે સમીક્ષા જારી કરતાં સિંહે ઘણાં મુદ્દા પર વાત કરી હતી. સિંહે ઉમેર્યું

હતું કે, લોકપ્રિય યોજનાને લોકો તરફથી ખૂબ સારો પ્રતિસાદ મળી રહ્યો છે.

ગ્રામીણ વિકાસ મંત્રાલય દ્વારા રજૂ કરવામાં આવેલા એમએનઆરઈજીએ અંગે ૧૨૨ પાનાંની રજૂઆત કરતા વડાપ્રધાન મનમોહનસિંહે આજે સવારે કહ્યું હતું કે આ કાર્યક્રમ યુપીએ સરકારના સૌથી લોકપ્રિય કાર્યક્રમ પૈકી એક છે. સામાજિક જનકલ્યાણની સૌથી મોટી યોજના તરીકે આને ગણવામાં આવે છે. સિંહે ગ્રામીણ વિકાસ સ્કીમોના નિયમિત મૂલ્યાંકન માટેની જરૂરિયાત ઉપર ભાર મૂક્યો છે અને કહ્યું છે કે ગ્રામીણ રોજગારી સ્કીમમાં વિલંબથી ચૂકવણીનો મુદ્દો શક્ય તેટલી વહેલી તકે હાથ ધરવામાં આવશે. આ કાર્યક્રમના દેખાવની સમીક્ષા નિયમિત રીતે થતી રહી છે.

વર્ષ ૨૦૦૬માં આની શરૂઆત થયા બાદથી આને સારો પ્રતિસાદ મળી રહ્યો છે. ગરીબ લોકોને સીધો ફાયદો થયો છે. ગ્રામીણ મજૂરીના બજાર પગારોમાં આના લીધે સુધારો થયો છે.

ગરીબ, વંચિત અને નબળા સમુદાયને આનાથી રાહત થઈ છે. વર્ષ ૨૦૦૬માં યુપીએ સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલી એમએનઆરઈજીએ સ્કીમ પેનલ અને વિરોધપક્ષોના સ્કેનર હેઠળ હાલમાં આવી રહી છે. આની વ્યાપક ટીકા થઈ રહી હતી. સરકારની ઘણી ખામી આમા સ્પષ્ટપણે દેખાઈ રહી છે તેવો આક્ષેપ વિરોધપક્ષો દ્વારા કરવામાં આવી રહ્યો હતો. જો કે વડાપ્રધાન દ્વારા જારી કરવામાં આવેલા અહેવાલથી આ પ્રશ્નોના જવાબ મળશે તથા તમામ શંકાઓ દૂર થશે.

પાક ટીવી ચેનલો પર પ્રતિબંધ ઉઠે તેવી વકી

નવી દિલ્હી, તા. ૧૪

ભારત સરકારે પાકિસ્તાનને ખાતરી આપી છે કે તે દેશમાં પાકિસ્તાની ટેલિવિઝન ચેનલો ઉપર પ્રતિબંધને ઉઠવી લેવાની દરખાસ્ત ઉપર સક્રિયપણે વિચારણા કરશે. પાકિસ્તાનના વિદેશ સચિવ જલીલ અબ્બાસ જિલાનીએ ગયા સપ્તાહમાં વાતચીત દરમિયાન આ મુદ્દો રજુ કર્યો હતો. જિલાનીએ ભારત સમક્ષ ઘણી બાબતો રજુ કરી હતી. પાકિસ્તાન ગવર્નમેન્ટ (પીટીવી)ને મંજુરી આપવાની માંગણી કરવામાં આવી હતી. ઉપરાંત ખાનગી ચેનલો જે ન્યુઝ અને નોન ન્યુઝ સાથે જોડાયેલા છે. તે ચેનલોને મંજુરી આપવાની પણ રજૂઆત કરી હતી. તેમની રજૂઆતમાં જિલાનીએ કહ્યું હતું કે પાકિસ્તાનમાં તમામ ભારતીય ચેનલો ઉપલબ્ધ છે અને પાકિસ્તાને તેમના પ્રસારણ ઉપર કોઈપણ પ્રકારના નિયંત્રણ લાદ્યા નથી. ગયા સપ્તામાં બંને દેશો વચ્ચે વાતચીત દરમિયાન પાકિસ્તાને ભારતીય પ્રતિનિધિ મંડળ સમક્ષ રજૂઆત કરી હતી. વિદેશ સચિવ રંજન માથાઈના નેતૃત્વમાં ભારતીય ટીમ સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી. પાકિસ્તાને રજૂઆત કરી હતી કે લોકથી લોક સંપર્ક વધે તે માટે પાકિસ્તાની ચેનલોને ભારતીય ઘરોમાં પહોંચવાની મંજુરી આપવી જોઈએ.

અફઘાનમાં વિસ્ફોટ : ૨૨નાં મોત નિપજ્યાં : ૪૦ ઘાયલ

મજારેશરીફ, તા. ૧૪

અફઘાનિસ્તાનમાં થયેલાં આત્મઘાતી વિસ્ફોટમાં ૨૨ લોકોનાં મોત થયા હતાં. આ વિસ્ફોટમાં ૪૦ જેટલાં લોકો ઘાયલ થયા હોવાનાં સમાચાર છે. ઉત્તર અફઘાનમાં લગ્ન પ્રસંગે યોજાયેલાં રિસેપ્શનમાં આત્મઘાતી બૉમ્બરે વિસ્ફોટ કર્યો હતો. તાજેતરનાં મહિનાઓમાં અફઘાનિસ્તાનમાં થયેલાં બોમ્બ વિસ્ફોટમાં આજની ઘટના સૌથી વધારે ભયાનક હતી. રિસેપ્શન પાર્ટીનું આયોજન કરનાર અફઘાનિસ્તાનનાં સાંસદ અહેમદખાન સમાંગાની સહિત ઘણાં લોકો મૃત્યુ પામ્યા હતાં. પ્રાંતીય ગવર્નર કેરૂલ્લા અનુસે કહ્યું હતું કે, સમાંગીનીનાં પુત્રીનાં રિસેપ્શન હતું એ વેળા બૉમ્બરે પોતાની જાતને ઉડાવી દીધી હતી જેનાં પગલે મોટી સંખ્યામાં લોકો ઘાયલ થયા હતાં. હજુસુધી તાલિબાન સહિતનાં કોઈપણ આતંકી સંગઠને આ વિસ્ફોટની જવાબદારી સ્વીકારી નથી. પ્રવક્તા જબીઉલ્લા મુજાહિદે કહ્યું હતું કે, હજુસુધી અમને કોઈ બાતમી મળી નથી. અહેમદખાન સમાંગીની મુજાહિદીનનાં પૂર્વ કમાંડર હતાં. અહેમદખાન નામાંકિત હતાં અને તેમની સાથે ઘણાં લોકોને મોટાપાયે મતભેદો હતાં. સમાંગન પ્રાંતનાં તેઓ શક્તિશાળી રાજકીય

નેતા હતાં. અહેમદખાન વર્ષ ૧૯૮૦માં સોવિયેટ સંઘ સામે લડનાર મુજાહિદીનનાં પૂર્વ વડા પણ હતાં. ૧૯૯૬ થી ૨૦૦૧માં તાલિબાનનાં શાસનકાળ દરમિયાન તેઓ સરકાર વિરોધી હતાં. અફઘાનનાં હિંસાગ્રસ્ત પૂર્વ અને દક્ષિણ પ્રાંતની સરખામણીમાં ઉત્તર ભાગમાં ભારે શાંતિ જોવા મળે છે. રિસેપ્શન પૂર્વે લગ્ન પ્રસંગ શાંતિથી પૂર્ણ થયો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, આતંકવાદી સંગઠન તાલિબાન ૯/૧૧નાં હુમલા બાદથી અફઘાનિસ્તાનમાં ભૂગર્ભ પ્રવૃત્તિમાં સક્રિય છે. રાષ્ટ્રપતિ હામિદ કરઝાઈની પશ્ચિમી રાષ્ટ્રોને સમર્પિત સરકાર સામે તેઓ સતત લડત ચલાવી રહ્યાં છે. આ વર્ષે ડઝન જેટલાં આત્મઘાતી હુમલાઓ કર્યા છે.

કિંગફિશરના પાઈલોટો હડતાળ પર ઉતરી જતા ૪૦ ફ્લાઈટ રદ

નવી દિલ્હી, તા. ૧૪

કટોકટીગ્રસ્ત કિંગફિશર એરલાઈન્સના પાઈલોટો પૈકીની ઘણા પાઈલોટો આજે ફરી હડતાળ ઉપર ઉતરી જતા ૪૦થી વધુ ફ્લાઈટો રદ કરી હતી. એર લાઈન્સના અધિકારીએ કહ્યું હતું કે જુદા જુદા શહેરોમાંથી ફ્લાઈટો રદ કરવી પડી છે. જેમાં નવી દિલ્હીથી ૧૨, મુંબઈથી ૬, બેંગ્લોરથી ૩ ફ્લાઈટોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ચેન્નાઈ, ચંદીગઢ, દહેરાદુન, ધરમશાળાની ફ્લાઈટો પણ રદ કરવામાં આવી હતી. પગારની ચુકવણીમાં વિલંબ અને અન્ય છેલ્લા પાંચ મહિનાના જુદા જુદા ભત્થાની ચુકવણી ન કરાતા પાઈલોટો હડતાળ ઉપર ઉતરી ગયા હતા. કિંગફિશરે કહ્યું છે કે ૭૫ ટકાથી વધુ કર્મચારીને શુક્રવારના દિવસે પગાર આપી દેવાયા છે. બાકીના કર્મચારીઓના પગાર સોમવાર સુધી થઈ જશે. એરપોર્ટના અધિકારીઓએ કહ્યું છે કે જે યાત્રીઓ આ ફ્લાઈટોમાં બુકિંગ કરાવી ચુકયા હતા તે લોકોને રીબુકિંગની સુવિધા અપાઈ છે અથવા તો રકમ પરત અપાઈ છે. જે ફ્લાઈટો રદ થઈ હતી તેમાં બેંગ્લોરની આઈટી-૧૦૧, કંડલાની આઈટી-૪૧૪૧ અને ચૈન્નઈના આઈટી-૧૮૧નો સમાવેશ થાય છે. પાઈલોટો અને એરલાઈન્સ મેનેજમેન્ટ વચ્ચે પગારની ચુકવણીમા વિલંબને લઈને ભારે ખેંચતાણ ચાલી રહી છે. આ સપ્તાહની શરૂઆતમાં હડતાળના કારણે શ્રેણીબદ્ધ ફ્લાઈટો રદ કરવાની ફરજ પડી હતી. જેથી યાત્રિઓને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. નવેસરથી ત્રણ ફ્લાઈટો રદ

કરાતા ફરી એકવાર યાત્રિઓ સામે નવી મુશ્કેલી ઉભી થઈ ગઈ હતી. મંગળવારના દિવસે પણ આઠ ફ્લાઈટો રદ કરવામાં આવી હતી. જ્યારે બુધવારના દિવસે ૧૨ ફ્લાઈટો રદ કરવામાં આવી હતી. કિંગફિશર એરલાઈન્સના પાઈલોટો પગારમાં વિલંબને લઈને ભારે નારાજ દેખાઈ રહ્યા છે. કિંગફિશર અને એર ઈન્ડિયામાં કટોકટી સતત ગંભીર બની રહી છે. પાઈલોટોની તકલીફ તરફ ધ્યાન અપાવી રહ્યું નથી. મેનેજમેન્ટના આ પ્રકારની વલણના કારણે ભારે તકલીફો નડી રહી છે. આગામી દિવસોમાં મેનેજમેન્ટ અને પાઈલોટો વચ્ચે વાતચીત થાય તેમ પણ માનવામાં આવે છે. કિંગફિશરના પાઈલોટો સતત હડતાળ પાડીને તેમનો આક્રમક વલણ રજૂ કરી રહ્યા છે.

ધરતી પરના સ્વર્ગ સમા સિમલા શહેરમાં આજે વર્ષારાની મન મૂકી વર્ષી હતી. આહ્લાદક વાતાવરણનો આનંદ લેવા સિમલાના શહેરીજનો ટહેલતા ઉપરોક્ત તસવીરમાં નજરે પડે છે.

હજ યાત્રા માટે વધારાનાં ક્વોટાની જયાની માંગણી

ચેન્નઈ, તા. ૧૪

તમિળનાડુનાં મુખ્યમંત્રી જે.જયલલિતાએ આજે હજયાત્રી ક્વૉટામાં વધારો કરવા વડાપ્રધાન મનમોહનસિંહની દરમિયાનગીરીની માંગ કરી હતી. તેમણે કહ્યું હતું કે, નોંધપાત્ર મુસ્લિમ વસ્તીને ધ્યાનમાં લેવામાં આવે તે જરૂરી છે. વર્ષ ૨૦૧૨માં રાજ્યમાંથી મોટાપાયે અરજીઓ મળી રહી છે. તમિળનાડુ સ્ટેટ હજ કમિટીને આ વર્ષે હજ-૨૦૧૨ માટે ૧૨૧૦૦ કરતાં પણ વધુ અરજીઓ મળી ચૂકી છે. હજ કમિટી ઓફ ઈન્ડિયા (મુંબઈ)એ તમિળનાડુ માટે ૨૮૬૩ સીટનાં ક્વૉટાની ફાળવણી કરી છે. તેમણે કહ્યું હતું કે, આ આંકડો ખૂબ જ હાસ્યાસ્પદ છે. મનમોહનસિંહને લખવામાં આવેલાં પત્રમાં જયલલિતાએ આ ક્વૉટાનાં મામલે તેમની નારાજગી વ્યક્ત કરીને આમાં વધારો કરવાની રજૂઆત કરી છે. ભારતની હજ કમિટીએ શરૂઆતમાં તમિળનાડુમાં શ્રદ્ધાળુઓથી ૧૦૦૦૦ અરજીઓ મળતી હતી જેની સામે ૩૦૪૯ સીટનાં ક્વૉટાની ફાળવણી કરી હતી પરંતુ હવે આ આંકડો ખૂબ મોટો થઈ ગયો છે છતાં ખૂબ ઓછી સંખ્યામાં સીટો મળી રહી છે. વધારાનાં ક્વૉટાની રજૂઆત અને સરકારનાં ઉદાસીન ક્વૉટાની રજૂઆત કરતાં જયાએ કહ્યું હતું કે, વર્ષ ૨૦૧૧ દરમિયાન હજ યાત્રા કરનાર શ્રદ્ધાળુઓ રાજ્યમાંથી કુલ ૪૦૮૪ નોંધાયા હતાં. આ વર્ષે ક્વૉટા માટે સીટ ૨૮૬૩ નક્કી કરી છે જે ઓલટાઈમ નીચી સીટો છે. જયલલિતાએ કહ્યું છે કે, નોંધપાત્ર મુસ્લિમ વસ્તીને ધ્યાનમાં લઈને ક્વૉટામાં વધારો કરવામાં આવે તેવી દરમિયાનગીરી વડાપ્રધાને કરવી જોઈએ.

વર્ષ ૨૦૧૨ માટે તમિળનાડુથી સૌથી વધુ અરજીઓ મળી છે. પૂરતી સંખ્યામાં સીટો ઉપલબ્ધ કરાવવા વિદેશ મંત્રાલયને આદેશ આપવા જયલલિતાએ સિંહને રજૂઆત કરી છે અને કહ્યું છે કે, તમિળનાડુમાંથી વધુ સંખ્યામાં હજયાત્રીઓ જવાથી ફાયદો થશે. સાથે સાથે મુસ્લિમ સમુદાયનાં લોકોમાં આત્મવિશ્વાસ વધશે. ૨૦૧૨માં વધુ સંખ્યામાં હજયાત્રી હજ પઢવા જઈ શકે તેમ તમિળનાડુ સરકાર હેતુ ધરાવે છે.

૨૦૦૦-૦૨માં આંધ્રમાં ૧૬ બોગસ એન્કાઉન્ટર : રિપોર્ટ

ગંતુર, તા. ૧૪

રાષ્ટ્રીય માનવ અધિકાર પંચે દાવો કર્યો છે કે કર્નુલ અને ગંતુર જિલ્લાના એસપી તરીકેના આઈપીએસ ઓફિસર પીએસઆર અંજાનેયુલુના ગાળા દરમિયાન પોલીસ દ્વારા ૧૬ બનાવટી એન્કાઉન્ટર કરવામાં આવ્યા હતા. વર્ષ ૨૦૦૦-૨૦૦૨માં આંધ્રપ્રદેશ પોલીસ દ્વારા ૧૬ બનાવટી એન્કાઉન્ટર કરવામાં આવ્યા હોવાનો મામલો સપાટી ઉપર આવ્યા બાદ પોલીસ સામે પ્રશ્નો ઉઠી રહ્યા છે. રાષ્ટ્રીય માનવ અધિકાર પંચે માર્યા ગયેલા દરેક વ્યક્તિના નજીકના સંબંધિને પાંચ લાખ રૂપિયા ચુકવવાનો આદેશ કર્યો છે. આ તમામ મોતને બનાવટી એન્કાઉન્ટર તરીકે રજુ કરીને રાષ્ટ્રીય માનવ અધિકાર પંચે પોલીસની ઉંઘ હરામ કરી દીધી છે. રાષ્ટ્રીય માનવ અધિકાર પંચે તેના ચુકાદાની નકલો સંબંધિત સરકારી ચેનલો, ચીફ સેક્રેટરી અને ડીજીપીને પણ મોકલી દીધી છે. આદેશ મળ્યા બાદ બે જિલ્લા વહિવટી તંત્રએ ભોગ બનેલાઓના પરિવારને નાણાની ચુકવણી કરી દીધી છે. ચંદ્રશેખર નામની એક વ્યક્તિએ એક દશક અગાઉ અરજી દાખલ કરી હતી જેમાં જણાવ્યુ હતું કે ૨૦૦૦-૨૦૦૨ વચ્ચે એસપી તરીકે અંજાનેયુલુ હતા ત્યારે ૧૯ એન્કાઉન્ટરો થયા હતા. આ અધિકારી હાલમાં માઓવાદ વિરોધી ફોર્સમાં ઈન્સ્પેક્ટર જરનલ ઓફ ગ્રે હાઉન્ડ્સમાં કામ કરી રહ્યા છે. દરેક એન્કાઉન્ટર મામલામાં નવ વર્ષ સુધી તપાસ કરવામાં આવ્યા બાદ નવેમ્બર ૨૦૧૧માં રાષ્ટ્રીય માનવ અધિકાર પંચે કહ્યું હતું કે ૧૬ એન્કાઉન્ટર બનાવટી હતી. ચાર કેદીઓને એન્કાઉન્ટરમાં મારી નાખવામાં આવ્યા હતા. ત્રણ કેસમાં માનવ અધિકારે વળતરનો આદેશ કર્યો નથી. આગામી દિવસો આ એસપી સામે મુશ્કેલરૂપ બની શકે છે. સીબીઆઈને હાઈકોર્ટ ફોજદારી કેસ માટે હુકમ કરી શકે છે.

યેદીયુરપ્પાના નજીકના અનેક સાથીઓ હાલમાં ખુબ નારાજ

બેંગ્લોર, તા. ૧૪

કર્ણાટકમાં નવા મુખ્યમંત્રીની નિમણુંક કરવામાં આવી હોવા છતા તમામ પ્રકારના વિવાદનો હજુ પણ અંત આવ્યો નથી. શાસક ભાજપમાં ધારાસભ્યોના એક વર્ગે કેબિનેટમાં સ્થાન ન મળતા નારાજગી વ્યક્ત કરી છે. નવી સરકારમાં કેબિનેટમાં સ્થાન ન મળતા આ ધારાસભ્યો નારાજ દેખાઇ રહ્યા છે. ભૂતપુર્વ મુખ્યમંત્રી બીએસ યેદિયુરપ્પાના કેમ્પમાં પણ વિભાજનની સ્થિતી દેખાઇ રહી છે. બેલ્લુર ગોપાલકૃષ્ણન, બી સુરેશ ગૌડા અને પી હરીશે યેદીયુરપ્પાને એમ કહ્યું હોવાનું જાણવા મળ્યું છે કે ભવિષ્યમાં તેમના ઉપર આધાર ન રાખે કારણ કે તેમને કેબિનેટમાં સ્થાન મેળવવા માટે તેમનો કેસ રજુ કર્યો નથી. આ ધારાસભ્યો સદાનંદ ગૌડાની હકાલપટ્ટીની ઝુંબેશમાં ગૌડાને મદદ કરી રહ્યા છે. યેદીયુરપ્પા કેમ્પમાં રહેલા અન્ય જે ધારાસભ્યો યેદીયુરપ્પાથી નારાજ છે તેમાં પણ યાદી ખુબ લાંબી છે. યેદીયુરપ્પાની સાથે રહેલા જે સભ્યોને તક મળી નથી તે સભ્યો આગામી દિવસોમાં પણ ઝુંબેશને તીવ્ર બનાવે તેવી શક્યતા છે. ભાજપ હાઇ કમાન્ડ સમક્ષ યેદીયુરપ્પાની માંગ પહોંચાડવામાં કેટલાક ધારાસભ્યો આગળ રહ્યા છે. યેદીયુરપ્પાએ રાજ્ય અને કેન્દ્રીય ભાજપના નેતાઓને કહ્યું હતું કે કેબિનેટમાં પુટ્ટાસ્વામીના સમાવેશ જેવા જ કેસ ત્રણથી ચાર અન્ય પ્રધાનોના છે.

વન્યસૃષ્ટિ પરિચય (પાના નં. ૪ નું ચાલુ)

સહન ન થાય તેવી સ્થિતિમાં હવે ટકી નહી રહેવાય તેવું ઘણીવાર લાગ્યું. પણ મક્કમ મન કરીને અડગ રહી. તેને વૃક્ષો જાણે કે કહી રહ્યાં હતા કે ''હજારો વર્ષોથી અમે બધાં અહીંયા તકલીફો વેઠીને માનવ જાતની સેવા કરીએ છીએ, ત્યારે તારાથી આટલું સહન નહીં થાય.''

ધીરે ધીરે વિશ્વ કક્ષાએ આ અદ્વિતીય વૃક્ષ બચાવવાની લડતની લોકોને જાણ થવા લાગી. જુલિયાના રેડિયો - ટીવી - સમાચારપત્રોમાં ઇન્ટરવ્યુ, છપાવાં લાગ્યા. લોકોનો વિરોધ વધતો ગયો. છેવટે પેસિફિક લંબર કંપનીએ પોતાની હાર માની. જુલિયાની બધી જ શરતો માન્ય રાખી. જુલિયાએ આસન ધર્યું હતું તે લુના વૃક્ષ અને તેની આસપાસનાં ૨૦૦ એકરનાં વૃક્ષો ન કાપવાનું કંપનીએ જાહેર કર્યું.

તારીખ ૧૮ ડિસેમ્બર, વર્ષ ૧૯૯૯ ના રોજ ૭૩૮ દિવસ બાદ ૨૫ વર્ષીય જુલિયાએ પુરા બે વર્ષ બાદ લુના વૃક્ષ પરથી તેની અદ્‌ભૂત લડત પૂર્ણ કરીને વિજયી સ્મિત સાથે જમીન પર પગ મુક્યો.

જુલિયાએ કહ્યું કે આપણી આત્મશક્તિ માટે આપણે કદી શંકા ન કરવી જોઇએ. આખી પૃથ્વી ડુબાડી દે તેવું વિરાટ મોજું ભલે ને આવે એક નાના જીવની આત્મશક્તિ પણ તેની દિશા બદલી નાંખવા સમર્થ છે. ચાઓસ વિચાર સરણી પ્રમાણે વિશ્વના કોઇ એક ખૂણે એક નાનું અમથું નાજુક પતંગિયું પોતાની પાંખો ફફડાવે તો તેની અસર વિશ્વના દૂરના કોઇ બીજા સ્થળે પ્રચંડ વાવાઝોડું ફુકાઇ શકે છે. આને કહે છે બટરફલાય ઇફેક્ટ પતંગિયા પ્રતિભાવ.

એક નમણી સ્ત્રીની વૃક્ષ બચાવની આ સંઘર્ષમય લડત આ સિધ્ધાંતને પુરવાર કરે છે.

હજારો વર્ષ પ્રાચીન આપણાં વનો - વૃક્ષો - વન્યજીવો એ આપણી પ્રાકૃતિક ધરોહર છે, તે અમૂલ્ય છે. એવું તે શું છે કે આપણે તેનો વિનાશ કરીને ભ્રમિત વિકાસની વાત કરીએ છીએ. પોતાને પ્રાપ્ત કુદરતી સ્ત્રોતોને નુકશાન પહોંચાડયા વગર આપણી જરૂરિયાતો પૂર્ણ કરવાની શું આપણામાં આવડત ક્ષમતા કે બુધ્ધિ નથી?

- hmtsuthar@gmail.com

મારી નજરે (પાના નં. ૪ નું ચાલુ)

એક દિવસ પહેલાં જ ઠાકરે એ મનમોહનસિંહની સરકારને ? ''નપુંસક સરકાર'' કહી અને તેવો લેખ પણ લખ્યો હતો. જે પક્ષે તેમને રાષ્ટ્રપ્રમુખ તરીકે પસંદ કર્યા તે જ પક્ષનાં વડાપ્રધાનને આવું કહેવારી શિવસેના સાથે પ્રણવ મુખરજી હાથ લંબાવે કારણ કે તેમણે ટેકો આપ્યો છે તે કેવું વિચિત્ર અને હાસ્યાસ્પદ લાગે?

પણ વર્તમાન રાજકારણનું આખ્ખું ચિત્ર આવું છે. જેડીયુને બિહારમાં આર્થિક પેકેજ મળે એવા હેતુથી પ્રણવ મુખરજીને ટેકો આપી દીધો! અરે ભાઈ, તમે ભૂતકાળની એનડીએ સરકારના ગઠબંધનના કન્વીનર છો એટલું યે શરદ યાદવને ભાન નહીં હોય? અને ખુલાસો પણ કેવો વાહિયાત કે અમે કોંગ્રેસનું સમર્થન નથી કરતાં, માત્ર પ્રણવ મુખરજીને ટેકો આપ્યો છે!

ભારતીય રાજકારણને ''પિગ્મેલિયન સર્કલ'' ગણવામાં કોઇ વાંધો ખરો?

● કોંગ્રેસ ટાઇપ કુશ્તી

કુશ્તીનો એક પ્રકાર 'ફ્રી સ્ટાઇલ કુશ્તી'નો છે. પહેલવાનો એકબીજાને મેદાનમાં પછાડતા હોવાની રમત પહેલેથી જ લોકપ્રિય છે. ખાસ કરીને નવાબો - રાજાઓને તેનો શોખ હતો. ગામા પહેલવાન ખૂબ લોકપ્રિય હતો.

પણ આ 'ફ્રી સ્ટાઇલ' ના નિયમો યે ફ્રી સ્ટાઇલના હોવા જોઇએ. મેં કદી ટીવી પર કે બીજે કુશ્તી જોવાની મઝા માણી નથી. શારીરિક બળનો જ જયાં મુકાબલ હોય તેમાં મનોરંજન શું મળે તે હજુ સમજાતું નથી. હા, મુલાયમસિંહ પણ પહેલાં અખાડેબાજ પહેલવાન હતા, હવે રાજકીય અખાડામાં તેમનાં કરતબ ધ્યાન ખેંચે તેવાં છે.

અત્યારે તો કોંગ્રેસની ફ્રી સ્ટાઇલ પહેલવાનીનું દુઃખદ મનોરંજન દેશને મળી રહ્યું છે. અગાઉ એકલા દિગ્વિજયસિંહ હતા, હવે બીજા ભણ્યા છે. હમણાં સલમાન ખુરશીદે ફરિયાદ કરી કે પક્ષ દિશા વિનાનો છે, રાહુલે તને વિચારધારા તરફ વાળવો જોઇએ. એવું તે કહેતા નથી. ત્યાં ચિદંબરમે ડહાપણ દેખાડ્યું કે પેટ્રોલ-ઘઉંનાં ભાવમાં એકાદ રૂપિયો વધે તેની બૂમરાણ કરીએ છીએ અને પંદર રૂપિયાનો આઇસ્ક્રીમ ખાવામાં હિચકિચાટા નથી. ચિદંબરમે આ બફાટ શા માટે કર્યો હશે? ફ્રાન્સના રાજા-રાણીએ ભૂખમરાથી બેહાલ પ્રજાને કહ્યું હતું : ''રોટી નથી મળતી? તો બ્રેડ ખાઓ!'' આ નવા રાજાઓ તો તેનાથી યે આગળ વધી ગયા. જેને ઘઉં કે પેટ્રોલના ભાવમાં વધારો સહન કરવાનો આવ્યો છે તેમાં આવાં ચિદંબરમો નથી. તેમને તો સરકારી ભાડાં - ભત્થાં મળે છે, પ્રધાનપદે રહીને ઘણું કમાઇ લેનારા રાજા, કમિનોઝી, સુખરામ કયાં નથી? કલમાડીએ પણ એવું કહ્યું. કોલસાના કૌભાંડો થયાં. રાષ્ટ્રપ્રમુખે ૧૩ વિદેશી મુસાફરીમાં કરોડો ખરચ્યા. અહલુવાલિયા ૩૦ લાખનાં ટોયલેટ બનાવે છે... આમને કોઇ મોંઘવારી - બોંઘવારી નડતી નથી. નડે છે બાંધી આવકવાળા મધ્યમ વર્ગને. ચિદુભાઇને એ ય ખબર નહીં હોય કે આઇસ્ક્રીમના ખરેખરા ભાવ કેટલાં છે, નહીંતર ૧૫ રૂપિયા ના કહ્યા હોત. પંદર રૂપિયામાં તો સારી ચા કે કૉફી યે મળતાં નથી!

કોંગ્રેસમાં કોઇને કોઇનાં પર અંકુશ જ નથી : તેનું નામ ફ્રી સ્ટાઇલ કુશ્તી!